## IIT ગાંધીનગર દ્વારા આયોજિત ઈન્ટેન્સિવ પ્રોગ્રામ

# વિદ્યાર્થીઓને શોધ, પ્રોટોટાઈપ માટે USની સંસ્થા મદદ કરશે

**નવગુજરાત સમય** > અમદાવાદ

ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી, ગાંધીનગર વિદ્યાર્થીઓની સર્જનાત્મકતાને પ્રોત્સાહન આપવા છ અઠવાડિયાનો ઈન્ટેન્સિવ પ્રોગ્રામ ઈન્વેન્ટ એટ આઈઆઈટીજીએન શરૂ કરી રહ્યું છે.

આ પ્રોગ્રામ માટે અમેરિકાની ઈન્વેન્ટ ફેક્ટરી તરફથી મદદ મળી રહી છે. આઈઆઈટી ગાંધીનગર ખાતે આ પ્રકારે પહેલી વખત કોઈ પ્રોગ્રામ યોજાઈ રહ્યો છે, જેમાં વિવિધ આઈઆઈટીના 20 વિદ્યાર્થીની દસ ટીમ ભાગ લેશે. તેઓ બે-બેની ટીમમાં કામ કરશે. આ દસ ટીમ દસ નવા ઈન્વેન્શન કરશે, તેના પ્રોટોટાઈપ લેશે, આઈડિયા પીચ કરશે. ત્યારબાદ તેઓએ તેને યુ.એ.માં પેટન્ટ કરાવવા માટે અરજી કરવાની રહેશે. તેની સાથે સાથે આ વિદ્યાર્થીઓમાં એક સ્પર્ધા પણ રહેશે. તેમાં બેસ્ટ ઈન્વેન્શનને રૂ. 2 લાખ તેમજ દ્વિતીય ક્રમે આવનાર ઈન્વેન્શનને રૂ. એક લાખનું ઈનામ મળશે.

આ પ્રોગ્રામ 18 જૂનથી શરૂ થશે તેના માટે યુ.એસમાં આ પ્રોગ્રામ શરૂ કરનાર કૂપર યુનિયનના પ્રો. એલન વોલ્ફ અને એરિક લિમા 4 અઠવાડિયા આઈઆઈટી, ગાંધીનગર ખાતે રોકાઈને વિદ્યાર્થીઓનું માર્ગદર્શન કરશે. આ ઉપરાંત, આઈઆઈટી ગાંધીનગરના પ્રો. વિનિત વશિષ્ઠ તેમજ નીતિન જ્યોર્જ પણ વિદ્યાર્થીઓની મદદ કરશે. આ અંગે આઈઆઈટી ખાતે પોસ્ટ ગ્રેજ્યુએટ સ્ટડીઝના એસોસિએટ ડીન પ્રો. નીતિન જ્યોર્જે જણાવ્યું હતું કે, યુએસમાં જાણીતા બાયોટેકના નિષ્ણાતો અને આઈઆઈટી મુંબઈના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને સિરક્રોસ યુનિવર્સિટીમાં ચાલતા આ પ્રકારના પ્રોગ્રામ વિશે 2017માં ખ્યાલ આવ્યો, તેમની મદદથી અને પોતાની સંસ્થાને કશુંક પાછું આપવાની ભાવનાથી આજે દેશની આઈઆઈટીના વિદ્યાર્થીઓને આ પ્રોગ્રામનો લાભ મળી રહ્યો છે.

Title: IITGN organized intensive program for inventing
Source: NavGujarat Samay (Ahmedabad; Pg. No.4)
Link: http://epaper.navgujaratsamay.com//imageview_10534_45081_4_71_13-06-2018_4_i_1_sf.html
Date: 13-06-2018